# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 12-10-2024 Evening : 7.50 to 8.00

Day : SATURDAY National News

**આકાશવાણી સમાચાર જયેશ પટેલ વાંચે છે.**

***************************************************

- દિલ્હી ખાતે રાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રી ઐતહાસિક વિજયાદશમીની ઉજવણીમાં થયા સામેલ.. રાવણ, કુંભકર્ણ અને મેઘનાદના પૂતળાનું દહન કર્યુ
- હરિયાણા અને ગુજરાતમાં સર્જાયેલી દુર્ઘટના અંગે દુખ વ્યક્ત કરી . મૃતકોના વારસદારોને બે-બે લાખ રૂપિયાની સહાયની પ્રધાનમંત્રીએ જાહેરાત કરી
- પીએમ ગતિ શક્તિએ દેશનું ચિત્ર બદલ્યું, વિવિધ મંત્રાલયો દ્વારા 15.39 લાખ કરોડ રૂપિયાના 208 પ્રોજેક્ટની ભલામણ
- શ્રીલંકામાં પૂર, ભારે પવન, વૃક્ષો ધરાશાયી થવાની અને વીજળી પડવા સહિતની ઘટનાઓને કારણે 22 હજારથી વધુ લોકો વિસ્થાપિત
- ભારત અને બાંગ્લાદેશ વચ્ચેની ત્રીજી ટી-20 ક્રિકેટ મેચમાં પ્રથમ બેટીંગ કરતાં ભારતની આક્રમક શરૂઆત..

*************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# DUSSEHRA

દેશભરમાં આજે દશેરાનો પવિત્ર તહેવાર ખુબજ ઉત્સાહ સાથે ઉજવવામાં આવી રહ્યો છે. આ તહેવાર આસુરી શક્તિ પર વિજયના પ્રતિક તરીકે ઉજવવામાં આવે છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દિલ્હીના લાલ કિલ્લા મેદાન ખાતે શ્રી ધાર્મિક લીલા સમિતિ દ્વારા આયોજિત દશેરા કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. આ પ્રસંગે રાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રી રામલીલાના મંચન નિહાળ્યું હતું ત્યારે રાવણ, કુંભકર્ણ અને મેઘાનાદના પુતળાનું દહન કર્યું હતું.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

પુલ, જયેશ પટેલ, (NAVIN)

# INDIA---BANGLADESH

ભારતે બાંગ્લાદેશ સરકારને ખાસ કરીને તહેવારો દરમિયાન તમામ લઘુમતીઓ અને તેમના ધાર્મિક સ્થળોની સુરક્ષા સુનિશ્ચિત કરવા અપીલ કરી છે.

એક નિવેદનમાં વિદેશ મંત્રાલયે ઢાકાના તાંતીબજારમાં પૂજા મંડપ પર થયેલા હુમલા અને સતખીરાના જશોરેશ્વરી કાલી મંદિરમાં થયેલી ચોરી અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે.

મંત્રાલયે કહ્યું કે આ હુમલાઓ ખેદજનક છે. મંદિરના હુમલાખોરો મંદિરને અપવિત્ર કરવા અને મૂર્તિઓને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કરે છે. ભારત ઘણા દિવસોથી આ ઘટનાઓનું સાક્ષી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

પુલ, જયેશ પટેલ, (NAVIN)

# EVE PM-CONDOLENCE HARYANA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ હરિયાણાના કૈથલમાં માર્ગ અકસ્માતમાં જીવ ગુમાવનારા લોકોના શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ કહ્યું કે રાજ્ય સરકારની દેખરેખ હેઠળ સ્થાનિક વહીવટીતંત્ર સ્થળ પર તમામ શક્ય મદદ પૂરી પાડવા માટે કામ કરી રહ્યું છે.

શ્રી મોદીએ જાહેરાત કરી છે કે પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળમાંથી દરેક મૃતકના નજીકના સંબંધીઓને બે લાખ તેમજ ઘાયલોને 50 હજાર રૂપિયા આપવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે હરિયાણાના કૈથલ જિલ્લામાં આજે કાર નહેરમાં પડી જતાં એક જ પરિવારની ત્રણ મહિલાઓ અને ચાર છોકરીઓના મોત થયા હતા. કારમાં એક પરિવારના આઠ સભ્યો સહિત નવ લોકો સવાર હતા.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

પુલ, જયેશ પટેલ

(NAVIN)

# REV PM – GUJRAT

મહેસાણાના કડી તાલુકાના જાસલપુર ગામની સીમમાં આવેલી એક કંપનીમાં માટીની ભેખડ પડતા નવ મજૂરોના મોત થયા છે. જ્યારે એક મજૂરનો બચાવ થયો હતો.. સ્ટીલની કંપનીમાં 20 ફૂટ જેટલી મોટી ટાંકીનુ ચણતરનું કામ ચાલી રહ્યું હતું તે દરમિયાન અચાનક જ આ ઘટના ઘટી હતી. ઘટનાની જાણ થતા જ ફાયરબ્રિગેડ અને પોલીસ ઘટના સ્થળે ધસી ગઇ હતી. નવ મજૂરોના મૃતદહે બહાર કઢાયા હતા.જેમાં એક જ પરિવારના ચાર લોકોના મોત થયા હતા. આ તમામ મજૂરો પંચમહાલ જીલ્લાના રહેવાસી હતા.

દુર્ઘટનાની જાણ થતા જ રાજ્યના મુખ્યમંત્રીએ શોકની લાગણી વ્યક્ત કરીને મૃતકોના વારસદારોને ચાર- ચાર લાખની સહાયની જાહેરાત કરી છે. જ્યારે ઇજાગ્રસ્તને પચાસ હજારની જાહેરાત કરી છે. આ દુખદ ઘટનાની માહિતી મળતા જ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દુખ વ્યક્ત કર્યું હતું. પ્રધાનમંત્રીએ મૃતકોના વારસદારને બે-બે લાખ રૂપિયા અને ઇજાગ્રસ્તને પચાસ હજાર રૂપિયા સહાય આપવાની જાહેરાત કરી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

પુલ, હર્ષલ પંડયા, (NAVIN)

# REV PM – GATISHAKTI

મલ્ટી મોડલ કનેક્ટિવિટી માટે PM ગતિશક્તિ નેશનલ માસ્ટર પ્લાન આજે ત્રણ વર્ષ પૂરા કરી રહ્યો છે. આ માસ્ટર પ્લાન વિવિધ આર્થિક ઝોનને મલ્ટિમોડલ કનેક્ટિવિટી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રદાન કરવા માટે 2021 માં શરૂ કરવામાં આવ્યો હતો.

PM ગતિશક્તિએ 44 કેન્દ્રીય મંત્રાલયો અને 36 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને માળખાકીય યોજનાના આયોજન અને અમલ માટે એકીકૃત કર્યા છે. તેણે વિવિધ મંત્રાલયોના 15 લાખ કરોડ રૂપિયાથી વધુ મૂલ્યના 208 મોટા-ટિકિટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સનું મૂલ્યાંકન કરવાનું સીમાચિહ્ન પ્રાપ્ત કર્યું છે.

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે જણાવ્યું છે કે પીએમ ગતિશક્તિએ ભારત કેવી રીતે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સનું આયોજન કરે છે અને તેનો અમલ કરે છે તેમાં પરિવર્તન કર્યું છે. તેમણે કહ્યું કે, બહુવિધ મંત્રાલયો અને રાજ્યોના ડેટાને એકીકૃત કરીને, સરકારે વધુ કાર્યક્ષમ, પારદર્શક અને પરિણામ આધારિત સિસ્ટમ બનાવી છે. મંત્રીએ કહ્યું કે, PM ગતિશક્તિની અસર ઝડપી પ્રોજેક્ટ અમલીકરણ, લોજિસ્ટિક્સનો ઓછો ખર્ચ અને દેશના ખૂણે-ખૂણે પહોંચતી સારી સેવાઓમાં જોવા મળે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

પુલ, જયેશ પટેલ, (NAVIN)

# EVE-PM-INTERNSHIP-SCHEME

ઓનલાઈન પોર્ટલ pminternship.mca.gov.in પર આજે સાંજથી પ્રધાનમંત્રી ઈન્ટર્નશિપ સ્કીમ માટે રજીસ્ટ્રેશન શરૂ થઈ ગયું છે અને આ મહિનાની 25મી તારીખ સુધી ખુલ્લું રહેશે. **સરકાર દ્વારા આ મહિનાની ત્રીજી તારીખે પ્રાયોગિક ધોરણે ઇન્ટર્નશિપ પોર્ટલ શરૂ કરાયું હતું.**

**પ્રધાનમંત્રી ઇન્ટર્નશિપ યોજના પોર્ટલ પર અત્યાર સુધીમાં 193 કંપનીઓ દ્વારા લગભગ 91 હજાર ઇન્ટર્નશિપની તકો પૂરી પાડવામાં આવી છે.**

**ઇન્ટર્નશિપની તકો પોસ્ટ કરવા માટે કંપનીઓ માટે પોર્ટલ ખોલવામાં આવ્યું હતું. સરકારનું લક્ષ્ય નાણાકીય વર્ષ 2024-25 દરમિયાન 1.25 લાખ ઇન્ટર્નશિપની તકો પૂરી પાડવાનું છે. પાયલોટ પ્રોજેક્ટનો કુલ ખર્ચ 800 કરોડ રૂપિયા હશે. સરકાર પાંચ વર્ષના સમયગાળામાં 21 થી 24 વર્ષની વયના એક કરોડ ઉમેદવારોને ઇન્ટર્નશીપ આપવાનું લક્ષ્ય ધરાવે છે. ઇન્ટર્નને 12 મહિના માટે 5,000 રૂપિયાની માસિક નાણાકીય સહાય અને 6,000 રૂપિયાની એક વખતની ગ્રાન્ટ મળશે.**

**સૂત્રોના જણાવ્યા અનુસાર, 36 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના 737 જિલ્લામાં આ તકો ઉપલબ્ધ છે. આ તકો તેલ, ગેસ અને ઊર્જા, મુસાફરી અને હોસ્પિટાલિટી, ઓટોમોટિવ અને બેંકિંગ અને નાણાકીય સેવાઓ સહિત 24 ક્ષેત્રોમાં ફેલાયેલી છે. ઉમેદવારો આજથી આ મહિનાની 25મી તારીખ સુધી પોર્ટલ દ્વારા ઇન્ટર્નશિપ માટે અરજી કરી શકશે. ઇન્ટર્નશિપનો સમયગાળો 12 મહિનાનો રહેશે.**

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

પુલ, હર્ષલ પંડયા, (NAVIN)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો.

# UNICEF- INDIAN SUPPLIERS

યુનાઈટેડ નેશન્સ ચિલ્ડ્રન્સ ફંડ એટલે કે યુનિસેફ દ્વારા જણાવવામાં આવ્યું છે કે ભારતીય સપ્લાયર્સ વિશ્વભરમાં બાળકો માટે સંસ્થાના આરોગ્ય અને રાશન સહાય માટે ત્રીજા સૌથી મોટા પ્રદાતા છે. ભારતીય વ્યવસાયોએ તેના વૈશ્વિક કાર્ય માટે યુનિસેફને લગભગ છ અબજ ડોલરની વસ્તુઓ અને સેવાઓ પૂરી પાડી છે.

યુનિસેફના પુરવઠા વિભાગના નિયામક, લીલા પક્કાલાએ જણાવ્યું હતું કે બાળકો માટે જીવનરક્ષક સામાન અને સેવાઓના ભારતીય સપ્લાયર્સ વિશ્વભરમાં બાળકો માટે યુનિસેફના કાર્યની ચાવી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે યુનિસેફ આ યોગદાનને મહત્ત્વ આપે છે જે માત્ર ભારતમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં સૌથી વધુ સંવેદનશીલ બાળકોના જીવન બચાવવાના તેના મિશનમાં કેન્દ્ર સ્થાને છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

પુલ,જયેશ પટેલ, (NAVIN)

# SRI LANKA - RAINS

શ્રીલંકામાં પૂર, ભારે પવન, વૃક્ષો ધરાશાયી થવાની અને વીજળી પડવા સહિતની તાજેતરની વરસાદ સંબંધિત ઘટનાઓને કારણે 22 હજારથી વધુ લોકો વિસ્થાપિત થયા છે. શ્રીલંકાના આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્ર એ આજે જાહેર કરેલા તેના નવીનતમ અહેવાલમાં જણાવ્યું હતું કે, દેશભરના 11 જિલ્લાઓમાં પાંચ હજારથી વધુ પરિવારો વિસ્થાપિત થયા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

પુલ, જયેશ પટેલ, (NAVIN)

# CRICKET

ભારત અને બાંગ્લાદેશ વચ્ચે હૈદરાબાદમાં રમાઈ રહેલી ટવેન્ટી – ટવેન્ટી ક્રિકેટ મેચમાં ભારતે પ્રથમ બેટીંગ કરવાનું નક્કી કર્યું હતું. હમણાં મળતા સમાચાર મુજબ ભારતે ------ ઓવરમાં ------ વિકેટે ----- રન કર્યા છે.

મહિલા ટવેન્ટી ટવેન્ટી વિશ્વકપ ક્રિકેટમાં બાંગ્લાદેશ અને સાઉથ આફ્રિકા વચ્ચે શરૂ થયેલી મેચમાં બાંગ્લાદેશની ટીમે બેટીંગ કરવાનું પસંદ કર્યું છે.

જયારે ન્યુઝીલેન્ડ અને શ્રીલંકા વચ્ચે રમાયેલી મેચમાં ન્યુઝીલેન્ડ મહિલાઓની ટીમનો ૪ વિકેટે વિજય થયો છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

પુલ,જયેશ પટેલ, (NAVIN)

# OM-BIRLA

લોકસભા સ્પીકર ઓમ બિરલા, 13 થી 17 ઓક્ટોબર દરમિયાન જીનીવામાં આયોજિત 149મી ઇન્ટર-પાર્લામેન્ટરી યુનિયન એસેમ્બલીમાં સંસદીય પ્રતિનિધિ મંડળનું નેતૃત્વ કરશે.

શ્રી બિરલા, "શાંતિપૂર્ણ અને સુરક્ષિત ભવિષ્ય માટે વિજ્ઞાન, ટેકનોલોજી અને નવીનતાનો ઉપયોગ" વિષય પર સભાને સંબોધશે. તેમજ ઇન્ટર-પાર્લામેન્ટરી યુનિયનની ગવર્નિંગ કાઉન્સિલની બેઠકોમાં પણ ભાગ લેશે. કોન્ફરન્સ દરમિયાન ભારતીય સંસદીય પ્રતિનિધિમંડળના સભ્યો આઈપીયુ ની કાર્યકારી સમિતિ, ચાર સ્થાયી સમિતિઓ તેમજ તેના કાર્યકારી સત્રો અને અન્ય વિવિધ બેઠકોમાં ભાગ લેશે. બેઠકમાં હાજરી આપવા ઉપરાંત શ્રી બિરલા, અન્ય સાંસદોના સમકક્ષ પ્રિસાઇડિંગ અધિકારીઓને પણ મળશે. આ સિવાય 14 ઓક્ટોબરે જીનીવામાં ભારતીય પ્રવાસી સમુદાયને સંબોધિત કરશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

પુલ, જયેશ પટેલ (NAVIN)

## QUAD INDO PECIFIC

વિશાખાપટ્ટનમમાં ચાલી રહેલી બહુપક્ષીય દરિયાઈ કવાયત 'માલાબાર'ના બંદર તબક્કા દરમિયાન ક્વાડ દેશોની નૌકાદળોએ ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં પરસ્પર દરિયાઈ સહયોગને મજબૂત કરવાના માર્ગો પર ચર્ચા કરી છે.

ભારત દ્વારા આયોજિત, ઑસ્ટ્રેલિયા, જાપાન અને અમેરિકાના નૌકાદળના વડાઓએ ઇન્ડો-પેસિફિક અને માલાબારની ભાવિ આવૃત્તિઓમાં પરસ્પર નૌકાદળની આંતર સંચાલન ક્ષમતા અને દરિયાઇ સહયોગને વધારવાના માર્ગો પર ચર્ચા કરીને, ભાર મૂક્યો હતો.

ભારત, ઓસ્ટ્રેલિયા, જાપાન અને યુએસની નૌકાદળ વિશાખાપટ્ટનમમાં વિવિધ સહકારી કાર્યક્રમોમાં સક્રિયપણે સામેલ છે. ઓસ્ટ્રેલિયા, ભારત, જાપાન અને અમેરિકાની ટીમોએ, મૈત્રીપૂર્ણ રમતગમતના કાર્યક્રમોમાં ભાગ લીધો હતો, જે ટીમો વચ્ચેની સહાનુભૂતિને વધુ મજબૂત બનાવે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

hindusthan samachar ,જયેશ પટેલ

(NAVIN)